સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સરમુખત્યારીના સુમેળનું ફાટક થાય છે!
કીર્તિદેવો-મુંડાલો વચ્ચે ત્રાટક થાય !
ગોઠવાય છે છાટકાં જ્ઞાતિ-ધર્મને સમાજનાં -
પાટણ પર પ્રભુતા પામવા નાટક થાય છે!

હાઈકુ

એરેંજડ ખેલ -
સંગીત ખૂરશીનો,
વાજું દિલ્હીમાં...

ચતુર જ્ઞાતિ -
મારે છે પાંચ શેરી,
કોથળે ઢાંકી...

ચિંતન

સતુગુરુ હમસોં રિઝિ કૈ, કહ્યો એક પરસંગ,
બરષૈ બાદલ પ્રેમ કો, ભીંજિ ગયા સબ અંગ.

સદ્‌ગુરુની કૃપા થાય છે ત્યારે બેડો પાર થઈ જાય છે. એક નાનો પ્રસંગ કે ઉપદેશ જીવનની રાહ બદલી નાખે છે. રામકૃષ્ણ પરમહંસની વાણી કે સ્પર્શ માત્રથી વ્યક્તિની વિચારધારા પરિવર્તિત થયાના પ્રસંગો અનેક છે. પુસ્તકો વાંચવાથી, જાપ કરવાથી, દાન કરવાથી, સેવારત રહેવાથી લાભ જરુર થાય છે. પણ સમગ્ર વ્યક્તિત્વમાં બદલાવ ત્યારે જ આવે છે જયારે ગુરુ દ્વારા યોગ્ય માર્ગદર્શન મળે છે. અજ્ઞાનનો અંધકાર જ્ઞાનજયોતથી દૂર કરનાર સદ્‌ગુરુનો પ્રભાવ અમાપ છે. તેની પ્રેમ વર્ષામાં શિષ્ય તરબોળ થઈ જાય છે. પાણીથી જેમ મેલ ધોવાય છે. તેમ સંતકૃપાથી સંશય ટળે છે. સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થતાં આત્મતૃપ્તિ થાય છે. કબીર કહે છે કે, એકવીસ બ્રહ્માંડ, ત્રણલોક, સાત દ્વિપો કે નવ ખંડોમાં સદ્‌ગુરુ જેટલું કોઈ મૂલ્યવાન નથી. માતા-પિતા, ભાઈ-બહેન, પતિ કે પત્નીના સંબંધો તો સમાજની વ્યવસ્થામાં પણ ગુરુની શોધ કરવી તે આપણું કર્તવ્ય છે.

સુવિચાર

- આપણી ટીકા બીજી વ્યક્તિનો પરિચય નથી પણ આપણે ટીકાખોર હોવાની સાબિતી છે - **કાંતિ ભટ્ટ**
- 'માનસિક તાણ' એ તો સામાજિક રીતે સ્વીકૃત માનસિક માંદગી સિવાય બીજું કશું નથી - **હંસલ ભચેચ**
- જીવન તમારા હાથમાં લીંબુ મૂકે તો તમે એમાંથી ખટમીઠું શરબત બનાવો - **હંગેરીયન કહેવત**
- આપણા સૌની તકલીફ એ છે કે આપણે ટીકાથી જેટલા બગાડીએ છીએ, એના કરતાં પ્રશંસાથી વધારે બગડીએ છીએ - **જનકલ્યાણ**
- કદી પરાજયની વાત ન કરો, આશા, શ્રદ્ધા, વિજય જેવા શબ્દોનું રટણ કરો - **દીપક ચોપડા**
- ખાલી ખિસ્સાની બહુ ચિંતા ન કરો, ચિંતા કરવી હોય તો ખાલી માથાની અને ખાલી હૃદયની કરો - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : હૃદયના રોગીએ ગાજરનો રસ નિયમિત પીવો. એનાથી હૃદય મજબૂત બને છે અને હૃદયની કાર્યક્ષમતા વધે છે. **(દીપક વી. આસરા)**

બોધકથા

ઘણીવાર કેટલાંક માણસોમાં સમજ-બુદ્ધિ અક્કલ ઓછી હોવા છતાં પોતાને ખૂબ જ બુદ્ધિશાળી માનવાની ગેરસમજ નો શિકાર હોય છે પરિણામે દરેકને સલાહ-સૂચના આપતાં જ ફરે છે. જયાં સુધી કોઈ પૂછે નહીં ત્યાં સુધી બુદ્ધિશાળી વડીલે બોલવું નહીં અને સલાહ આપતાં પણ પોતાની મર્યાદાનો સ્વીકાર કરીને પછી જ સલાહ આપવી (પૂછે તો જ.)

છગન અને મગન મિત્રો હતા - છગન શાંત અને ધીરજવાન ઓછું બોલનારો હતો.

મગનને દરેક વાતે બોલવા - પોતાના અભિપ્રાય આપવા માત્ર નહી - ઠસાવવાની પણ ટેવ હતી - સલાહ સૂચનાનો તો દાનવીર કર્ણ...

છગનની દીકરી રડતી હતી - મગને કારણ પુછ્યું - દિકરી કહે - રડતી નથી - આંખે નંબર છે લખું વાંચુ ત્યારે પાણી નીકળે છે. પપ્પા-ચશ્મા નથી લઈ દેતા.

મગને છગનને ઠપકો દીધો છે અને કહ્યું લે મારા ચશ્મા પહેલી લખ - દીકરી - કહે આનાથી મારું માથું ભમે છે - દેખાતું નથી - ચક્કર ચડે છે - મગન કહે મને થો બરાબર દેખાય છે.

દરેકને પોતાનો દૃષ્ટિકોણ ન આપે... તેમની દૃષ્ટિએ સત્ય અલગ હોઈ શકે.

પાકિસ્તાનના ઘરમાં જ એનો નકાબ ઊતરી ગયો

તંત્રીસ્થાનેથી...

ગૃહમંત્રી રાજનાથસિંહ ગૃહમંત્રીઓની પરિષદની બેઠક અધવચ્ચે છોડીને લંચ સુધ્ધાં લીધા વગર પરત પાછા ફર્યા તે અત્યાર સુધીની સાર્ક દેશોમાં મળેલી બેઠકોમાં જુદી જ છાપ ઊપસાવતી ઘટના છે. શિવસેના સહિત કેટલાક પક્ષો પાકિસ્તાન સાથે સંબંધો નહીં રાખવાની રજૂઆત કરતા રહ્યા છે, પરંતુ રાજદ્વારી વર્તુળો આવા અંતિમવાદી વલણનું કયારેય સમર્થન કરતાં નથી. આખરે આપણે આ દુનિયાની સાથે સૌહાદ્રપૂર્ણ સંબંધો રાખવાનું જ પસંદ કરતા હોઈએ, પણ કયારેક પરિસ્થિતિ એટલી હદે વણસી જાય કે છેડો ફાડયા વગર બીજો વિકલ્પ જ ન રહે. જયારે માથા પર બરફ મૂકીને વર્તતા આવા સિનિયર નેતાએ ગૃહમંત્રીઓની બેઠક પછી લંચમાં સામેલ થવાનું ટાળીને સીધી સ્વદેશની વાટ પકડવાનો વિકલ્પ પસંદ કર્યો હશે ત્યારે અંદર કેટલું બધું રંધાયું હશે તે સમજી શકાય એમ છે. છેલ્લા કેટલાય મહિનાઓથી પાડોશી રાષ્ટ્ર સાથેના સંબંધો સતત વણસતા રહ્યા છે. નરેન્દ્ર મોદી એમની આગવી શૈલીમાં પાકિસ્તાન સાથેના સંબંધો સુધારવા પ્રયત્નશીલ રહ્યા છે, પણ એમાં એમને સરિયામ નિષ્ફળતા જ સાંપડી છે. છેલ્લે તો નવાઝ શરીફે કાશ્મીર મુદ્દે કરેલું નિવેદન એમની કૂટનીતિનો ખુલ્લો દસ્તાવેજ બની રહ્યું. પાકિસ્તાન કયારેય કાશ્મીરનું ગાણું ગાવાનું બંધ કરવાનું નથી. શરીર એ દિવસનો બેસબ્રીપૂર્વક ઈંતેજાર કરે છે જયારે કાશ્મીર પાકિસ્તાન સાથે ભળી ગયું હશે. કાશ્મીર પ્રશ્ને પ્રોકસીવોરની કૂટનીતિ એ પાકિસ્તાનનો રાષ્ટ્રીય એજન્ડા છે. તેથી એ આતંકવાદીઓને પોષવાનું, તાલીમ આપવાનું અને ભારતમાં ઘુસણખોરી કરાવી નિર્દોષ પ્રજાથી લઈ સરહદની ચોકી કરતાં જવાનોનું લોહી રેડવાનું ચાલુ જ રાખવા માગે છે, તે ખૂબ જ સ્પષ્ટ થઈ ગયું છે. રાજનાથે એમના પ્રવચનમાં આ મુદ્દો ધારદાર રીતે ઉઠાવ્યો અને ભારત, બાંગ્લાદેશ તથા અફઘાનિસ્તાનમાં કાળો કેર વર્તાવનાર આતંકવાદને આશ્રય આપનાર દેશ તરીકે આડકતરી રીતે પાક સામે આંગળી ચીંધી ત્યારે સ્વાભાવિક રીતે જ યજમાન દેશના કર્ણધારો અકળાયા હશે. આતંકવાદથી અમે પણ ત્રાસેલા છીએ એવો લૂલો બચાવ ચાલી શકે એમ ન હતો. રાજનાથે પાકિસ્તાનમાં ભારતના વોન્ટેડ ગુનેગારો રાજયાશ્રય મેળવી અમનચમન કરી રહ્યા હોવાનું જણાવ્યું, જે હકીકત છે. પાકિસ્તાને રાજનાથના પ્રવચનનું વિડિયો રેકોર્ડિંગ ન થવા દીધું અને મીડિયા પર એમનું ભાષણ પ્રસારિત ન થવા દીધું તેથી અકળાઈને રાજનાથે સાર્ક પરિષદનો અધવચ્ચે બહિષ્કાર કરી પાકિસ્તાનને જબરદસ્ત લપડાક લગાવી છે. ત્રાસવાદીઓને પાકિસ્તાન 'શહીદ'નો દરજ્જો આપે છે, તે હરગિજ ન ચલાવી લેવાય તે બાબત રાજનાથના ભાષણમાં વ્યક્ત થતાં પાકિસ્તાની વડાપ્રધાન અને ગૃહમંત્રી સ્વાભાવિક રીતે જ સકંજામાં આવી ગયા હતા. કાશ્મીરી ત્રાસવાદી બુરહાન વાની માટે પાકિસ્તાને શહીદનો દરજ્જો ફાળવ્યો છે, તે ભારતનું અપમાન છે. ગૃહમંત્રીએ કશું જ ગોળ ગોળ કહ્યા વગર મગ ને ફોતરાં જુદાં પાડી દઈ પાકિસ્તાનને દુનિયા સમક્ષ ઉઘાડું પાડી દઈ એની આબરૂના ધજાગરા ઉડાડ્યા એટલે અંશે એમનું ગમન અને આગમન સફળ જ રહ્યાં લેખાશે.

ગાંધી બાપુ, તમને કયો ધર્મ સત્યની સૌથી અધિક પાસે લાગ્યો છે?

બાપુએ પણ ન પૂછવા જેવો સવાલ ગણાવીને પણ પ્રશ્નકર્તા ખ્રિસ્તી ભાઈને પ્રત્યુત્તર પાઠવ્યો

મહાત્મા ગાંધીને સુંદરમ્ નામના એક જેલી ખ્રિસ્તી ભાઈએ સવાલ પૂછયો : 'તમને કયો ધર્મ સત્યની સૌથી અધિક પાસે લાગ્યો છે?'

બાપુ સુંદરમ્‌ને જવાબ આપતા કહે છે 'ભાઈ આ સવાલ ન પૂછવા જેવો છે, પણ જયારે એ પૂછે જ છે ત્યારે મારે કહેવું જોઈએ કે મારી દૃષ્ટિએ એકંદરે જોતાં 'સત્યની સૌથી અધિક પાસે' હિંદુ ધર્મ છે. પણ સાથે જ તેઓ એમ કબૂલ કરતાં કહે છે કે આ સ્વીકારતા મને જરાય સંકોચ નથી થતો કે એમાં મોહને વશ થઈને હું ભૂલ કરતો હોઉં. પણ જો એ ભૂલ હોય તોયે એ ક્ષંતવ્ય છે અને આવશ્યક છે. પણ છે, કેમ કે એટલો મોહ ન હોય તો મનુષ્ય કોઈ પણ ધર્મને વળગી ન શકે અને જો બીજા કોઈ ધર્મમાં એ વધારે સત્ય જુએ તો તેમાં ગયા વિના રહી ન શકે, ન રહેવું જોઈએ.'

વધુમાં બાપુ કહે છે 'આને ઈશ્વરની માયા કહો કે જે નામથી ઓળખાવું હોય તે નામથી ઓળખો; પણ એ જગતમાં છે. એમ હોવા છતાં બધા ધર્મ પ્રત્યે સમભાવ હોવો જોઈએ. એટલે કે ખ્રિસ્તી - ખ્રિસ્તી ધર્મને સત્યની વધારે નજીક માને, મુસલમાન ઈસ્લામને વિશે તેમ માને, એ માટે હિંદુ તરીકે સ્વીકારી લેવું જોઈએ, અને તેઓને સારું, તે તે ધર્મમાં ચુસ્ત રહેવાનો સારું એ આવશ્યક છે, એમ પણ માનવું જોઈએ. એવી માન્યતાને સારું મારામાં તેને વિશે દ્વેષ પણ ન હોવો જોઈએ.'

મહાત્મા ગાંધી અન્ય ધર્મોને માનતા લોકો વિશે કહે છે કે તેઓ મારા માનવા સિવાયના ધર્મમાં માને છે તેનાથી તેમની માન્યતા ભૂલભરેલી છે એમ પણ મારે ન માનવું જોઈએ. હું ઉમેદ રાખું છું કે ભાઈ સુંદરમ્‌ને બધાને આ વાત સ્પષ્ટ થઈ હવે. બધા ધર્મો વિશેનો આ મારો મૌલિક વિચાર છે અને મેં એમાંથી રસના ઘૂંટડા પીધા છે અને એ વિચારને લઈને હિંદુ ધર્મમાં ચુસ્ત રહેતો છતાં બીજા ધર્મોને પૂજી શકું છું અને તેમાંથી જે સારું હોય તે વિના સંકોચે લઈ શકું છું. આ શોધની ઉત્પત્તિ અહિંસામાંથી થઈ છે એમ બાપુ ઉલ્લેખ કરીને અહિંસાના મહિમાને પણ ટાંકે છે.

એક પત્ર મીરાંબહેનનો પણ ધર્મ ભાવના બાબતનો હતો. જન્મે ખ્રિસ્તી એવા આ વિદેશી સન્નારી પત્રમાં લખે છે, ભગવદ્ ગીતામાંથી મારા આત્માને ઊંડો સંતોષ થાયે એમ મળી રહી છે, મારે માટે તો પૂર્વજન્મના ધર્મમાં હું પાછી આવી હોઉં. તેવું મને લાગે છે. જો કે તેઓ સ્પષ્ટ કરે છે કે મારો પૂર્વગ્રહો જતા રહેલા છે.

મીરાંબહેન લખે છે ધર્મ પાલનની બાબતમાં મારી સામે પ્રશ્ન ત્યારે આવ્યો જયારે જેલની સજા થઈ. જેલના પત્રકમાં મારો ધર્મ મારે ભરવાનો આવ્યો. ધર્મની ઓળખ કેદી તરીકે માગવામાં આવી એ સામે મીરાંબેન કહે છે 'હું તો મારી જાતને માત્ર સાબરમતી આશ્રમવાસી કહેવડાવું છું. પહેલી જ પ્રાર્થના હું બોલતાં શીખી તે આશ્રમની પ્રાર્થના હતી. મારી નજર સામે ઈશ્વરને પહોંચાડવાનો રસ્તો પહેલીવાર દેખાયો તે આપના ઉપદેશથી જ દેખાયો હતો. બહેને તેમાં ગીતાના એક એક શ્લોકને સમજવાનો, પિકર્થાલનું કુરાનના ભાષાંતરનું પુસ્તક પણ વાંચતા હોવાનો ઉલ્લેખ કરતાં આ ક્રિશ્ચિયન મહિલા ઈસુ ખ્રિસ્ત અને મહંમદ પયગંબરના કાર્યોને પણ મૂલવ્યા હતા. તેમણે મહંમદ સાહેબે શાસ્ત્રોના ઉપયોગ ઈસ્લામના એક સુધારક તરીકે કર્યો હતો જયારે ઈસુ ખ્રિસ્તે એક ક્રાંતિકાર તરીકે કર્યો હતો? તેમની આ છાપ વાજબી છે? - એ પ્રશ્ન સાથે તેમણે ગાંધી બાપુને પત્ર લખ્યો હતો.



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

બાપુ આ કાગળ વાંચી બહુ રાજી થયા હતા અને લખ્યું : 'મને લાગે છે કે ઈસુ અને મહંમદ વચ્ચે તેં જે સરખામણી કરી છે તે આકર્ષક છે પણ અંશતઃ જ ખરી છે. તેં એ વચન તો સાંભળેલા છે કે 'સરખામણીઓ અળખામણી હોય છે.' મારા મત પ્રમાણે બધા ક્રાંતિકારીઓ સુધારક હોય છે અને બધાં સુધારકો ક્રાંતિકારી હોય છે. બંને મહાન ધર્મગુરુઓ હતા અને પોતાના જમાનાને અને જરૂરિયાતોને અનુરુપ હતા. બંનેએ માનવ પ્રગતિમાં પોતાનો અનન્ય ફાળો આપ્યો છે. જગદ્‌ગુરુઓમાં બંનેનું સ્થાન સમાન છે. તું ખ્રિસ્તનો ઈન્કાર નથી કરતી પણ પોતાને આશ્રમવાસી કહેવડાવે છે, જે કોઈ પણ ધર્મગુરુનો ઈન્કાર કરતો નથી, એમ પત્રનાં અંતમાં બાપુ લખે છે.'

સંદર્ભ : મહાદેવભાઈની ડાયરી ભાગ-૨, પૃ.૧૮૭, ૧૮૮, ૧૯૮, ૧૯૯.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

બીજે દિવસે બધાં જ વિદ્યાર્થીઓ સાહેબને અત્યંત અહોભાવથી જોવા લાગ્યા

શ્રી રાજેન્દ્રકુમાર દેસાઈ.

પણ બધા રાજુભાઈ સાહેબ કહીને બોલાવે. મને બરાબર યાદ છે. ત્રીજુ ધોરણ પાસ કરીને ચોથા ધોરણમાં આવ્યાંને વર્ગશિક્ષક તરીકે રાજુભાઈ સાહેબ નસીબે લખાયા. અમે ભણતા ત્યારે શિક્ષકની સારા-ખરાબની પારાશીશી એ હતી કે તે વિદ્યાર્થીને કેટલુ મારે છે તે પરથી નકકી થતી. તે કેવુંક ભણાવે છે તે બાબત ગૌણ બની જતી.

શિક્ષક વધારે મારે છે કે ઓછુ મારે છે? તેમનો સ્વભાવ ગુસ્સાવાળો છે? કે શાંત છે? વગેરે બાબત મુખ્ય રહેતી. આ બાબતે ચોથું ધોરણ પાસ કરીને પાંચમા ધોરણમા ગયેલા વિદ્યાર્થીઓ અમારા માર્ગદર્શક બની રહેતા. કેવા પ્રસંગે સાહેબનું વર્તન કેવું હશે તેની ભવિષ્યવાણી કરીને અમને ડરાવતાં. રાજેન્દ્રકુમાર દેસાઈ વિશે અનેક બિહામણાં અને હોરર પ્રસંગો અમે ડરપૂર્વક સાંભળતા. અનેકોને મનમાં બીક પેસી ગયેલી કે ચોથામાં ગ્યા તો મર્યા જ સમજો.

ત્રીજા ધોરણમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ સાંભળી બઉ હરખાતા. તત્કાલિન શિક્ષકો વિદ્યાર્થીઓને નાપાસ કરી શકતા હતા. બંદાએ ચોથા ધોરણમાં એન્ટ્રી મારી. પહેલા જ દિવસે રાજુભાઈએ એક છોકરાને બોચીમાંથી પકડયો ને એક હાથે વાળ પકડીને બીજા હાથે પીઠ પર ધબ... ધબ... ધબ... ફટકારવા માંડયું. પેલીજ હરોળમાં બેઠેલાં આપણા તો હાંજા ગગડી ગયા. શાળા-શિક્ષણને શિક્ષક ત્રણે પ્રત્યે સામૂહિક નફરત પેદા થઈ. બીજે દિવસે સ્કૂલે ન જવાનો નિર્ણય લીધો. પરંતુ મમ્મીને શું જવાબ આપવો? શાળાએ ન જવાનું બહાનું ન જડતાં મને-કમને ડરતાં-ડરતાં સ્કૂલે આવવું પડયું. સાહેબ રોજ એક - બે જણને નિર્દયી રીતે ફટકારતાં. મારા મનમાં ધીરે ધીરે બીકનો ડુંગર મોટો થતો જતો. બરાબર અઠવાડિયા પછી રાજેન્દ્રકુમાર નું અન્ય એક રૂપ વિદ્યાર્થીઓને જોવા મળ્યું. રીંછ એકલું.... ફરવા ચાલ્યું.... કવિતા તેમણે ખૂબજ રસપૂર્વક ગવડાઈ. વર્ગનો માહોલ જાણે બદલાઈ ગયો. રીસેસમાં પણ બધાં કવિતા જ ગાતા રહયાં. મને આજે પણ આખી કવિતા યાદ છે. વર્ગ આખાને સાહેબ પ્રત્યે થોડુંક માન ઉપજયું. ગણિત શીખવાડતી વખતે સાહેબ સુંદર ઉદા. આપતાં. ત્રીજા ધોરણ સુધી અઘરું લાગતુ ગણિત ચોથા ધોરણમાં એકદમ સહેલું લાગવા માંડયું. સમયસર ગૃહકાર્ય પૂરું કરવું ને શાળામાં નિયમિત આવવું મારી આ બે વાતો સાહેબને ગમી હોય એવું લાગ્યું.

સૌ પ્રથમ સાહેબ મારી નોટ ચેક કરતાં. પછી અન્ય વિદ્યાર્થીઓની. મારા દાખલાઓમાં ભાગ્યેજ ભૂલ નિકળતી. વર્ગ ખંડના દાખલા ને જિંદગીના દાખલા ભિન્ન હોય છે તે બહુ મોડેથી સમજાયેલું.

સાહેબથી હું ખૂબ ડરતો. ડરને કારણે તેમનું બધુંજ કામ પહેલાં કરતો. તેમના નામ માત્રથી બાળકો પણ ડરતા. ગૃહકાર્યતો બધાં જ લાવતા. અમારો કલાસ શિસ્તબધ્ધતામાં સૌથી આગળ. શરૂઆતના અઠવાડિયા પછી આખા વર્ષ દરમ્યાન સાહેબે કયારેય કોઈ વિદ્યાર્થી પર હાથ ઉપાડયો હોય તેવું યાદ નથી. ધીરે ધીરે સાહેબ આખા કલાસમાં વિદ્યાર્થી પ્રિય થવા માંડયા. હજી આજે પણ મારું ગણિત જો પાકું થયું હોય તો તે રાજેન્દ્રકુમાર દેસાઈને આભારી છે.

સાહેબે એક મહત્ત્વનું કામ કર્યું હતું. મારા વર્ગના ધોરણ ચારના તમામ વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે રુચિ પેદા કરી હતી. શરૂઆતનો તેમનો રસ્તો ભલે ખોટો હતો. પણ અમને તો ફાયદો જ થયેલો.

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

એક દિવસની વાત છે. રિસેસ દરમિયાન સૌ વિદ્યાર્થીઓ રમતાં હતા. વર્ષાઋતુ પૂરબહારમાં છવાઈ હતી. લીલાછમ ઘાસમાં તુટેલા કાચ પડેલા હતા. જે મને દેખાયા નહિને મારા બન્ને પગમાં કાચ પેસી ગયા. (બૂટ કે ચંપલ પહેરીને શાળાએ જવાનો ખ્યાલ તે વખતે નહોતો અને ખરીદવાની ત્રેવડ પણ નહોતી) મુલાયમ લીલા ઘાસમાં કાચના ટૂકડા મુલાયમ ન રહેતાં લોહિયાળ બની શકે છે ખૂબ મોડે મોડે પણ આ બ્રહ્મજ્ઞાન લાધેલું. વિદ્યાર્થીઓ સાહેબ પાસે પહોંચ્યાં ને મારા બન્ને પગે લોહી દદડે છે તેવી વાત કરી. સાહેબ ક્ષણના વિલંબ વગર મેદાનમાં દોડી આવ્યા. પોતાની સાઈકલ કાઢી. મને પાછળ કેરિયર પર બેસાડયો ને સાઈકલ દોરીને મને દવાખાને લઈ ગયા. દવાખાને પાટાપીંડી કરાવી, બીલ ચૂકતે કરીને મને ઘરે મૂકી ગયા. મારી મા હાંફળી-ફાંફળી થઈ ગઈ. શું થયું? કેમ થયું? વગેરે. ખૂબ આગ્રહ કરીને મા એ સાહેબને ચા પીવડાવેલી હું સતત રડતો રહયો... એ કારણે નહી કે મને બન્ને પગે લોહી નિકળતું હતું પરંતુ હર્ષ મિશ્રિત એ આનંદથી કે સાહેબે, મને સાઈકલ પર બેસાડી દવાખાને લઈ ગયા. સાહેબે એક જ ઝાટકે મારા મનમાં રહેલી બીક કાઢી નાખી. સ્કુલ આખામાં રાજેન્દ્રકુમાર ચર્ચાનો વિષય બન્યા.

બીજે દિવસે બધાં જ વિદ્યાર્થીઓ સાહેબને અત્યંત અહોભાવથી જોવા લાગ્યા. પછી તો રોજ નવી વાર્તાઓ અને મજાના ગીતો સાથે સાહેબ વર્ગખંડમાં પ્રવેશ કરતાં. તેમનાં પ્રવેશ સાથે જ વર્ગનું વાતાવરણ બદલાઈ જતું. વાલીયાથી વાલ્મિકિનું આ પરિવર્તન સૌ વિદ્યાર્થીઓને ખૂબ ગમેલું.

તે દિવસ પછી સ્વ. રાજેન્દ્રકુમાર દેસાઈ સમગ્ર વર્ગના વિદ્યાથીપ્રિય શિક્ષક બની રહયા.

મિસરી

"રાવણના રાજ્યમાં જીવવાની
મને જડીબુટ્ટી જડી ગઈ છે.
મને રોજ રાતે
રામરાજ્યનાં સ્વપ્નાં આવે છે."

(વિપિન પરીખ)

વિજ્ઞાન આધારિત રહસ્યમય નવલકથા 'સમય'નું ગાંધીનગરમાં વિમોચન

વૃત્તસંચય

● ધોરણ-૧૨માં વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને નવોદિત સર્જક વંદન રાવલ લિખિત, દ્વિતીય નવલકથા જે વિજ્ઞાન આધારિત અને રહસ્યમય છે તે નવલકથા 'સમય'નું વિમોચન અને લોકાર્પણવિધિ તા.૩૧-૭-૧૬ના રોજ સાંજના ૪.૦૦ વાગે કડી કેમ્પસના બ્રહ્માણી હોલ, સે-૨૩ ગાંધીનગર ખાતે, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ, ભાવેશ ભટ્ટ, કલ્પેશ પટેલ, કિશોર જીકાદરા, ઉજમશી પરમારના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો. જેમાં મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત નવોદિત સર્જક વંદન રાવલના કુટુંબીજનો દ્વારા કરવામાં આવ્યું. નટવર હેડાઉ અને કલ્પેશ પટેલ દ્વારા સર્જકનો પરિચય આપી, નવલકથાના અંશો રજૂ કરવામાં આવ્યા તથા ભાવેશ ભટ્ટ દ્વારા પણ, સર્જકે નાની ઉંમરમાં જે નવલકથા અને તે પણ આ બીજી નવલકથા લખવાનું સાહસ કર્યું તે બદલ અભિનંદન પાઠવી, નવલકથાની ઉત્તમ બાબતોનો નિર્દેશ કર્યો. અધ્યક્ષીય પ્રવચનમાં ભરત કવિએ આશિર્વાદ આપી તેમના લેખનકાર્યને વખાણ્યું. અંતમાં સર્જક વંદન રાવલના પિતા, જેઓ પણ સાહિત્યકાર છે તેમણે આભારવિધિ કરી અને આ સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન પંકજ શુક્લ દ્વારા કરવામાં આવ્યું.

● ૩ દેશો, ૧૩ શહેરો અને ૩૩ લેખિકાઓના વાર્તાસંગ્રહ 'સ્ત્રીઆર્થ-૨' નું ભવ્ય વિમોચન તા ૩૦-૭-૨૦૧૬ના રોજ, અમદાવાદ ખાતે યોજાઈ ગયું. આ વાર્તાસંગ્રહનું વિમોચન અને લોકાર્પણવિધિ ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના સ્ત્રી લેખકો ધીરુબેન પટેલ, ડૉ. બિંદુ ભટ્ટ, નીલમ દોશી અને ગુજરાતી લેખક મંડળનાં પ્રમુખ મનીષી જાનીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો. સાહિત્યક્ષેત્રે સન્માનીય સ્થાન ધરાવતાં પ્રતિભા ઠાકોર એક-એકથી ચડિયાતી વાર્તાઓની પસંદગી કરીને આ સંપાદન કર્યું છે. નંદિની મહેતા અને ઉર્વી અમીને આ વાર્તાસંગ્રહમાં સહાયક સંપાદકની ભૂમિકા ભજવી છે. ગાંધીનગરની ઉગતી લેખિકા પ્રતિભા દિશા પોપટની વાર્તા 'ટીક' આ સંગ્રહમાં સ્થાન પામી છે, તેમને સ્ટેમ્પર રજૂ કરવાની તક મળી, જે એમણે સ્ત્રીનાં ફોર્મ ભરવાની વિગત આધારિત હૃદયસ્પર્શી વાત સુંદર રીતે રજૂ કરતાં, સૌએ તેની નોંધ લીધી. અન્ય લેખિકા મુંબઈના રાજુલ ભાનુશાલીની વાર્તા 'બરફની પાટ'ની પણ વિશેષ નોંધ લેવાઈ. મુંબઈની અન્ય લેખિકાએ એમની વાર્તાને અભિનયસહ રજૂ કરી. આ કાર્યક્રમનું સંચાલન રેડિયો મિર્ચીના આર.જે. મેઘાએ કર્યું હતું. ગાંધીનગર શહેરના દિશા પોપટને ખૂબ ખૂબ અભિનંદન.

● પ્રખર વિવેચક પ્રો. બાબુભાઈ દાવલપુરાની સ્મૃતિમાં, એમના અવસાન પછીનું પ્રથમ વ્યાખ્યાન માળાનું તા.૨-૮-૨૦૧૬ના રોજ યોજાઈ ગયું. જેમાં પ્રખર સાહિત્યકાર અને જાણીતા નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ 'મારી સર્જન પ્રક્રિયા અને સર્જનયાત્રા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ ખાતે આ વ્યાખ્યાનમાળા યોજાઈ હતી, જેમાં કૉલેજના કાર્યકારી પ્રિન્સીપાલ ડૉ. નીના જોષીએ ડૉ. કેશુભાઈ દેસાઈનો સાહિત્યિક પરિચય આપી સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે આ કાર્યક્રમનું સંચાલન જાણીતા વિવેચક ડૉ. ગુણવંત દ્વારા કરવામાં આવ્યું હતું.

● ગાંધીજી દ્વારા લિખિત અને ગાંધીજીના જ હસ્તાક્ષરમાં છપાઈને પ્રસિદ્ધ થયું હોય તેવું, ગાંધી સાહિત્યનું એકમાત્ર પુસ્તક 'હિન્દ સ્વરાજ'ની વિવિધ ૧૦ આવૃત્તિઓનું લોકાર્પણ તા.૧૫-૬-૨૦૧૬ના રોજ, ટ્રસ્ટ ખાતે કરવામાં આવ્યું. મધ્ય પ્રદેશ, કેરળ અને કર્ણાટકની સરકાર દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોમાં મહાત્મા ગાંધીની આત્મકથા તેમજ તેમના દ્વારા લિખિત પુસ્તક 'હિંદ સ્વરાજ'ની લાખો નકલો ખરીદવામાં આવી છે અને તેના કેટલાક હિસ્સાઓ પાઠ્યપુસ્તકમાં પણ સામેલ કરવામાં આવેલ છે. બીજી તરફ ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગરના પુસ્તકોની ખરીદીની વાત તો દૂર રહી, પરંતુ રાજયના પાઠ્યપુસ્તકમાં પણ તેનો નહીંવત સમાવેશ કરાયો છે. આમ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને જન્મભૂમિ ગુજરાતમાં જ અવારનવાર અવગણવાનો સામનો કરવો પડે છે. આ અવગણના કરવામાં ગુજરાતની જનતા જ નહીં, પરંતુ શાશકો પણ જવાબદાર છે. મધ્યપ્રદેશ દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોમાં ગાંધીજીની આત્મકથાની લાખો નકલો ખરીદીને નિઃશુલ્ક આપવામાં આવે છે, જેથી યુવાનો રાષ્ટ્રપિતા વિશે જાણી શકે. જો કે, ગુજરાત સરકાર દ્વારા આજદિન સુધી આવો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. હવે નવજીવન ટ્રસ્ટ દ્વારા મહાત્મા ગાંધીની આત્મકથાને ચિત્રકથામાં લઈ જવાની કામગીરી શરુ કરવામાં આવી છે. ગાંધીજીની સચિત્ર આત્મકથા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં ઑકટોબર ૨૦૧૬માં રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત ગાંધીજીના અનેક પુસ્તકો એક જ 'ઈ-બુક ટેબ્લેટ'માં આવી શકે તેની તૈયારી શરુ કરી દેવામાં આવી છે.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને ભાવકવિ ભરતભાઈ પાઠક 'નયન'ના પ્રથમ કાવ્યસંગ્રહ 'છેવટે લખવું પડ્યું' નો વિમોચન અને લોકાર્પણ વિધિ કાર્યક્રમ, બુધસભા શિશુવિહારના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧-૫-૨૦૧૬ રોજ, બુધસભા હોલ, શિશુવિહાર, ભાવનગર ખાતે કવિ ડૉ. વિનોદ જોશીના અધ્યક્ષસ્થાને અને કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટના અતિથિ વિશેષ પદે; મુખ્ય મહેમાન ડૉ. પથિક પરમારની હાજરીમાં અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ધ્રુવભાઈ ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમનું સંચાલન ભાવનગરના પ્રદિપ શેઠે કર્યું હતુ. ભરતભાઈ પાઠક 'નયન' ને ખૂબ ખૂબ અભિનંદન સહ, શુભેચ્છાઓનો છલકતો રસથાળ સાદર.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર આયોજિત ગૌરવ વ્યાખ્યાનમાળા અંતર્ગત; ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કૃત કવિ, ગીતકાર અને ચિત્રકાર માધવ રામાનુજના 'મારી સર્જનયાત્રા' વિશે